

દિવાળી એ પ્રકાશનું પર્વ તો છે, જ પણ સાથે સાથે રંગોનું પણ પર્વ છે. રંગોળી એ ઘરના આંગણાને કલાત્મક રીતે સજાવવાની એક ભારતીય પ્રાચીન કલા છે. દિવાળીના પાવન દિવસોમાં મહેમાનોની સાથે માતા લક્ષ્મીને પણ આવકારવા માટે ઘરના આંગણામાં વિવિધ પ્રકારની અવનવા કલરની રંગોળી કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરના ખ્યાતનામ ડો.ગૌરાંગ થાનકીની દિકરી કાવ્યા થાનકી એ પોતાના ઘરના આંગણે દિપાવલી નિમિતે કૃષ્ણ ભગવાન અને મીરાજીની અદ્‌ભુત રંગોળી પુરી છે. જેને નિહાળીને સૌ કોઈ અચંબિત થઈ રહ્યા છે.

## આજે દિવાળી અંધકારને દૂર કરી ઓજશ પાથરતુ પર્વ

વિક્રમ સંવત ૨૦૭૪નો અંતિમ દિવસ એટલે કે દિવાળીનો દિવસ. બુધવારે દિવાળી પર્વ હોવાને કારણે સાબરકાંઠા જિલ્લામાં રહેતી ઉત્સવપ્રિય પ્રજા માટે જીવનમાંથી નિરાશારૂપી અંધકારને દૂર કરી નવી આશાઓ સાથે નવા વર્ષને વધાવવાનું પર્વ હોય છે. ત્યારે બુધવારની સુપ્રભાતના પ્રારંભ સાથે લોકો પર્વની ઉજવણી કરશે.

ગુજરાતીઓ હંમેશા દિવાળી પર્વમાં પોતાના નિવાસસ્થાને રોશની તથા તેલ અથવા ઘી ના દીવડા પ્રગટાવે છે ત્યારે તેના માટેનો ઉત્સાહ અનેરો હોય તે સ્વાભાવિક છે. અન્ય ધર્મો કરતા હિંદુ ધર્મ કઈક અલગ જ હોવાનુ શાસ્ત્રોમાં લખાયુ હોવાને કારણે લોકો પણ પોતાની રીતે ઉજવણી કરતા ખચકાતા નથી. ૨૧ સદીમાં ચોપડાનું સ્થાન કોમ્પ્યુટરે લીધું છે ત્યારે છેલ્લા ઘણા વર્ષોથી લોકો ચોપડાની જેમ કોમ્પ્યુટરની પૂજા કરતા થઈ ગયા છે.

# સામાન્ય સભામાં ધમાલ કરી તોડફોડ કરવા બદલ કોંગ્રેસના કોર્પોરેટરો સામે ફરિયાદ

### નાયબ મ્યુનિસિપલ કમિશનરે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીને વિડીયો સીડી પોલીસ સમક્ષ રજૂ કરી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા પદાધિકારીઓ માટે યોજાયેલી ચૂંટણી દરમિયાન મહાનગરપાલિકા સભા હોલમાં થયેલી ધાંધલ-ધમાલ અને તોડફોડ મામલે નાયબ મ્યુનિસિપલ કમિશનર એ સેક્ટર-૭ પોલીસ મથકમાં કોંગ્રેસના કોર્પોરેટરો સામે ફરિયાદ નોંધાવી છે. મનપાના નવા હોદેદારોની ચૂંટણીના એજન્ડા મુજબ કાર્યવાહી કરવાના સરકારી કામકાજમાં રૂકાવટ ઊભી કરી ધાંધલ-ધમાલ કરીને તોડફોડ કરી સરકારી માલ-મિલકતને નુકશાન કરવાના મામલે કોંગ્રેસના કોર્પોરેટરો તથા વિપક્ષના હાજર રહેલા સભ્યો સામે ગુનો દાખલ થવા પામ્યો છે.

ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અને મહાનગરપાલિકાના મેયર સહિતના પદાધિકારીઓની ચૂંટણી કરવા અંગેના એજન્ડા મુજબ ગઈકાલે સેક્ટર-૧૧ બહુમાળી



ભવન ખાતે ચોથે માળ મહાનગરપાલિકાના સભા હોલમાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પોતાના કોર્પોરેટરનું અપહરણ થઈ ગયું હોવાની વાતને લઈને કોંગ્રેસના કોર્પોરેટરો એક સંપ થઈને મેજ પર ધસી આવ્યા હતા અને ધાંધલ-ધમાલ કરી સરકારી કામકાજમાં રૂકાવટ ઊભી કરી હતી. સભા હોલના ફર્નિચર બારીના કાચ અને માઈકોની તોડફોડ કરી કોંગ્રેસના કોર્પોરેટરોએ સરકારી મિલકતને નુકશાન પહોંચાડ્યું હતું. આ પ્રકરણ મામલે ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી બારૈયાએ કોંગ્રેસના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, જીતુભાઈ રાયકા, રાકેશભાઈ પટેલ, હસમુખભાઈ મકવાણા, પીન્કીબેન પટેલ તેમજ બીજા વિપક્ષના હાજર રહેલા સભ્યો સામે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સભા હોલમાં થયેલી ધાંધલ-ધમાલ ની વિડીયો સીડી પણ પોલીસ સમક્ષ રજૂ કરવામાં આવી છે. સેક્ટર-૭ પોલીસ મથકના પીઆઈ જે.ડી મેવાડાએ આ મામલે આઈ.પી.સી કલમ ૧૪૩, ૧૮૬ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ કલમ ૩ અને ૭ મુજબ ગુનો દાખલ કરીને આ ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે.

# ખેતરમાં ઢાળ પરથી રગડેલા ટ્રેક્ટર નીચે આવી જતાં મજુરનું મૃત્યુ

### ચિલોડા નજીક ઇસનપુર મોટા ગામમાં બટાકાના ખેતરમાં બનેલી ઘટના : ટ્રેક્ટર માલિક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૬

ચિલોડાને અડીને આવેલા ઈસનપુર મોટા ગામમાં ગઈકાલે સાંજે એક ખેતરમાં ટ્રેક્ટરના ટાયર નીચે ચગદાઈ જવાથી મજુરનું મૃત્યુ હોવાની ઘટના બનતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. ટ્રેક્ટર માલિકે ખેતરમાં ઢાળ ઉપર ટ્રેક્ટર મૂક્યું હતું ત્યારે અચાનક ઢાળ પરથી રગડેલા ટ્રેક્ટરના ટાયર નીચે મજુરનું માથું આવી જતા આ અકસ્માત સર્જાયો હતો અને મજુરનું મૃત્યુ નીપજ્યુ હતું. મૃતક મજુરના ભાઈની ફરિયાદના આધારે પોલીસે ટ્રેક્ટર માલિક સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક ચિલોડા પાસે આવેલા ઈસનપુર મોટા ગામની સીમમાં બટાકાના ખેતરમાં ગઈકાલે સાંજે વાવેતરનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન સર્જાયેલા એક અકસ્માતમાં મજૂરે જીવ ખોયો હતો. ટ્રેક્ટર માલિક ચિરાગભાઈ રાજુભાઈ પટેલે પોતાના ખેતરમાં ટ્રેક્ટર ઢાળ ઉપર પાર્ક કર્યુ હતું. આ ટ્રેક્ટર ઉપર એક મજુર રોહિતજી મેલાજી ઠાકોર બેઠો હતો.

એક તરફ ખેતરમાં બટાકા વાવેતરનું કામ ચાલી રહ્યું હતું ત્યારે ઢાળ પર પાર્ક કરેલુ આ ટ્રેક્ટર એકાએક રગડવા લાગ્યું હતું. ટ્રેક્ટર પર બેઠેલો મજુર રોહિતજી ઠાકોર રગડતા ટ્રેક્ટરને અટકાવવા ટ્રેક્ટર પરથી ઉતરીને બ્રેક મારવા પ્રયત્ન કરવા ગયો ત્યારે કોઈ રીતે તેનો પગ લપસી ગયો હતો અને રગડતા ટ્રેક્ટરના ટાયર નીચે તેનું માથું આવી ગયું હતું. માથા પરથી ટ્રેક્ટર ટાયર ફરી વળતા સ્થળ પર જ તેનુ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ પોલીસને થતાં ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ રમલાવત તમને ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતકના ભાઈ પ્રધાનજી મેલાજી ઠાકોરની ફરિયાદને આધારે ટ્રેક્ટર માલિક ચિરાગભાઈ રાજુભાઈ પટેલ સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર તાલુકાના વાસન મહાદેવ સ્થિત સિધ્ધેશ્વરી માતાજીના મંદિરે દર વર્ષની જેમ કાળીચૌદશ નિમિત્તે માતાજીના નિવેધનો પ્રસાદ ચડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે માતાજીના ભકતજનોએ પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

# છત્રાલની ચકચારી હત્યા કેસનો મુખ્ય સૂત્રધાર કાલુમિયા આખરે ઝડપાયો

કલોલ તાલુકાના છત્રાલ વિસ્તારની ચકચારી હત્યા કેસને પગલે આ પંથકમાં કોમી વાતાવરણ ફેલાઈ ગયું છે. આ ચકચારી હત્યા કેસમાં મુખ્ય સૂત્રધાર મોહિનુરહક ઉર્ફે કાલુમિયાં સૈયદ હત્યાની ઘટનાના દિવસથી જ નાસતો ફરતો હતો. જેને પગલે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તાજેતરમાં જ આવેદનપત્ર પાઠવી દિવાળી પહેલા આરોપીને પકડી લેવા તંત્રને તાકીદ કરી હતી. અંડરગ્રાઉન્ડ થઈ ગયેલા આ હત્યા કેસના મુખ્ય સૂત્રધાર કાલુમિયાંને પકડવા જિલ્લા પોલીસની અલગ અલગ ટીમ સક્રિય થયેલી હતી પરંતુ કાલુ હાથ આવતો ન હતો. કલોલ તાલુકા પીઆઈ નીરજ પટેલની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદ થી છત્રાલ તરફ જવાના રસ્તા પર ખાનગી વાહનમાં કાલુમિયાં નીકળ્યો છે. આ બાતમી આધારે વોચ પર ગોઠવાઈ જઈ



કલોલ તાલુકા પોલીસની ટીમે વાહન ચેકિંગ શરૂ કરી દઈને સઈજ બ્રિજ પાસેથી કાલુમિયાંને કોર્ડન કરીને દબોચી લીધો છે. આજે બપોરે સવા એક વાગ્યાના અરસામાં આરોપીની ધરપકડ કરી કલોલ તાલુકા પોલીસે સઘન પુછપરછ શરૂ કરી છે.

## ખબરદાર... અરવલ્લી જિલ્લાના પ્રજાજનો રાત્રે ૧૦ વાગ્યા પછી ફટાકડા ફોડ્યા તો..!

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરના લોકો માટે મુહૂર્ત કોઇ પણ સમયનુ નિકળશે પરંતુ ફટાકડા તો જીલ્લા કલેકટર એમ.નાગરાજનના જાહેરનામા મુજબ જ ફોડવા પડશે નહી તો પોલીસ જાહેરનામાના ભંગનો ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરશે. રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડવાના રહેશે. મોટા પ્રમાણમાં અવાજ, સીરીજ ફટાકડા ફોડી શકાશે નહી, રાખી શકાશે નહી અને વેચાણ પણ કરી શકાશે નહી. તદઉપરાંત આ જાહેરનામું ૫ નવેમ્બર થી ૨૫ નવેમ્બર સુધી અમલવારી રહેશે.

સાઈલેન્ટ ઝોનના ૧૦૦ મીટર દુર ફોડવાના રહેશે. વિદેશી ફટાકડા વેબસાઈટો અને ઓન લાઈન લે-વેચ થઇ શકશે નહી. ચાઈનીઝ તુક્કલ કે અન્યનુ ઉત્પાદન, વેચાણ કે ઉડાડી શકાશે નહી. અરવલ્લી જીલ્લા કલેકટર એમ.નાગરાજને સુપ્રીમ કોર્ટના આદેશ બાદ જાહેરનામુ બહાર પાડયું છે જેના કારણે અરવલ્લી જીલ્લા સાથે મોડાસા શહેરના લોકો પોતાનું મુહૂર્ત સાચવી શકશે નહી.

ફટાકડાની લૂમ એટલે કે સીરીઝ બંધ ફટાકડાથી હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા હોવાથી રાખી, ફોડી કે વેચાણ કરી શકાશે નહી. PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનીવાળા ફટાકડા વેચી અને ફોડી શકાશે. બોક્સ પર PESOની સૂચના પ્રમાણેનુ માંકિગ જરુરી રહેશે.

## સંતવાણી એવોર્ડ ૨૫મીએ અર્પણ થશે

સંતવાણી એવોર્ડ સમિતિ દ્વારા પરમપૂજય શ્રી મોરારિબાપુ વતી ગુજરાતના પ્રાચીન ભજન સાહિત્ય સંતવાણીના ગાયકો વાદકોની સરવાણીને સદાય વહેતી રાખવા માટે આજીવન ગાન ઉપાસનાની સેવા આપી છે તેવા ભજનિક અને વાદ્યસંગીતકારોને સંતવાણી એવોર્ડથી સન્માનવામાં આવનાર છે. તા. ૨૫મી નવેમ્બરે સાંજે ૩ થી ૬ દરમિયાન સંગોષ્ઠિ ભજન વિચાર રમેશભાઈ મહેતા, પ્રશાંત પટેલ, સુરેશ જોશી સંયોજન હર્ષદ ત્રિવેદી ઈ.સ. ૧૯૦૧ થી ૨૦૦૦ સુધીના ગુજરાતી સંત સાહિત્યની પૃષ્ઠ ભૂમિકામાં સંતવાણી સર્જક સંત કવિ પ્રીતમદાસ દ્વારા ભજન સ્વરૂપે રૂપાકત્મક ભજનો થશે. રાત્રિના સમયે સંતવાણી એવોર્ડ અર્પણ થશે. પ્રીમનદાસના પ્રતિનિધિ હિતુલકુમાર પટેલ ભજનિક, તબલાં, બેન્જો, મંજીરા, સંતવાણીના આદિ સર્જકની વદના લક્ષ્મણભાઈ બારોટ, નરેન્દ્રભાઈ મહેતા (ભાવનગર) ખંડેરાવ જાઘવ (વડોદરા), દલપતરામ દેસાણી જસદણ રજુ કરશે. ચિત્રકુટ ધામ (તલગાજરડા)માં કાર્યક્રમ યોજાનાર છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

નૂતન વર્ષાભિનંદન...
પરમાર લીયાકતમીયા મહેબુબમીયા
પૂર્વ સરપંચ, હરસોલ ગ્રામ પંચાયત
મુમતાઝબીબી લીયાકતમીયા પરમાર
પૂર્વ તાલુકા સદસ્ય તલોદ
શેરે પંજાબ
શુભપ્રસંગે લગ્નના વરઘોડા માટે
૧થી ૧૦ ઘોડાનો સમૂહ ઓર્ડર લેવામાં આવશે
મો. ૯૮૯૮૫૬૯૬૮૪

દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છા...
શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ, તલોદ
અને
શ્રીમતી એસ.એમ. પંચાલ સાયંસ કોલેજ, તલોદ
તથા
સમગ્ર સ્ટાફ પરિવાર
પ્રો. એમ. આર. પરીખ
કાર્યકારી આચાર્ય
આર્ટસ કોમર્સ કોલેજ
તલોદ
ડો. ભાસ્કર પુંજાણી
કાર્યકારી આચાર્ય
સાયંસ કોલેજ
તલોદ
'વિદ્યાર્થીના સહકારના સિંચન વગર કોઈ પણ પ્રકારની શિક્ષણ ક્ષેત્રે લતા પાંગરી શકે નહીં.
નૂતન વર્ષમાં મારા વ્હાલા વિદ્યાર્થીઓ, મિત્રો, શિક્ષકગણ તથા સમગ્ર મારા હિતેચ્છુઓ તેમજ સમગ્ર કોલેજ પરિવાર આપની ક્ષેમ કુશળતા અને સુખ સમૃધ્ધિ સાથે અનેક અનેક સહકાર અમને મળતો રહેશે તેવી અપેક્ષા સહ..
આપ સૌને દિપાવલી પર્વની હાર્દિક શુભકામના